જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૩/૨૦૧૬ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૫૧૧/૧૬

## દાહોદની ખજુરીયા ગેંગનો ઘરફોડ ચોરીનો મુખ્ય સુત્રધાર વિનુ તેરસિંહ ભાભોર ક્રાઈમબ્રાન્ચના સકંજામાં, ૫૦ જેટલી ઘરફોડ ચોરીઓનો ભેદ ઉકેલાયો

અમદાવાદ શહેર તથા ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ઘણા સમયથી દિવસ તથા રાત્રિની ઘરફોડ ચોરીઓનો ઉપદ્રવ ખુબ જ વધી ગયેલ હોય અને કોઈ એક જ પ્રકારની ઘરફોડ ચોરી કરતી બહારની ગેંગ સક્રિય થયેલ હોય અને આ ઘરફોડ ચોરીઓનો ભેદ વણ ઉકેલાયેલ રહેતાં તે બાબતની ગંભીર નોંધ લઈ આ ગેંગના સુત્રધારોને ઝડપી લેવા તેમજ વણ શોધાયેલ ઘરફોડ ચોરીઓના ભેદ ઉકેલવા સારું પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા શ્રી જે.કે.ભટ્ટ, સંયુક્ત પોલીસ કમિશ્નર, ક્રાઈમબ્રાન્ચ નાઓએ સુચના આપેલ હોય જે સુચના આધારે શ્રી દીપન ભદ્રન, નાયબ પોલીસ કમિશ્નર, ક્રાઇમ બ્રાન્ચ તથા શ્રી કે.એન.પટેલ, મદદનીશ પોલીસ કમિશ્નર, ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ શહેર નાઓના માર્ગદર્શન હેઠળ ક્રાઇમબ્રાન્ચના એન્ટી પ્રોપર્ટી સ્કોડના પો.સ.ઇ. શ્રી આર.એસ.સુવેરા તથા પો.સ.ઈ. શ્રી એ.વાય.બલોચ નાઓએ આ ઘરફોડ ચોરીઓની એમ.ઓ.નું નિરીક્ષણ કરી દાહોદ તરફની કોઈ ગેંગ સંડોવાયેલ હોવાનું તારણ કાઢી ચોક્કસ દિશામાં પ્રયત્નો હાથ ધરી પો.સ.ઈ.શ્રી. એ.વાય.બલોચ નાઓને મળેલ ચોક્કસ ખાનગી બાતમી હકીકત આધારે તેમની ટીમના માણસો સાથે નારોલ સર્કલ ખાતે વોચ ગોઠવી રીઢા ઘરફોડ ચોર વિનુ S/O તેરસિંહ લાલુ જાતે ભાભોર ઉવ.૨૫ રહેવાસીઃ મુળવતન ગામ: ખજુરીયા સીમોડા ફળીયુ, તા.ગરબાડા, જિ.દાહોદ નાને ચોરીના દાગીના કિમત રુપિયા ૨૬૬૦૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડેલ છે.

## અગાઉ ૫૮ જેટલી ઘરફોડ ચોરીઓમાં પકડાયેલ કુખ્યાત ખજુરીયા ગેંગનો મુખ્ય સુત્રધાર પોલીસ સકંજામાં

આ આરોપીનો ભુતકાળ જોતાં તે ગુનાહિત ઈતિહાસ ધરાવે છે. તે સને ૨૦૧૧ ની સાલમાં પોતાના અન્ય સાગરિતો સાથે મળી સુરત, વડોદરા, દાહોદ, છોટા ઉદેપુર, પાવી જેતપુર, બોડેલી, ડભોઇ, વાઘોડીયા, રાજપીપળા વિસ્તારોમાંથી ૪૪ જેટલી ઘરફોડ ચોરીઓ કરેલ હોય આ ઘરફોડ ચોરીઓમાં સને ૨૦૧૩ માં બરોડા ક્રાઇમબ્રાન્ચ પોલીસના હાથે પકડાયેલ હતો. આ ગુનાઓમાં સને ૨૦૧૪ માં હોળી વખતે વાઘોડીયા જેલમાંથી છુટેલ અને ફરીથી દાહોદ ટાઉન પોલીસ સ્ટેશનની પોલીસના હાથે ૧૪ જેટલા ચોરીના ગુનાઓમાં પકડાયેલ અને આ ગુનાઓમાં વડોદરા જેલમાંથી છુટેલ. તેમજ અગાઉના ગુનાઓમાં તે હાજર રહેતો ન હોય કોર્ટમાંથી વોરંટ નીકળતાં ફરી જેલમાં ગયેલ અને બે માસ જેટલો છોટા ઉદેપુર પાસે આવેલ સંખેડા જેલમાંથી છુટેલ.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

## અમદાવાદ શહેર તથા આજુબાજુના જિલ્લાઓમાં દાખલ થયેલા ૧૫ ગુનાઓનો ભેદ ઉકેલાયો

પકડાયેલ આરોપીની સઘન પુછપરછ કરતાં તેણે છેલ્લા છ સાત મહિનામાં અમદાવાદ શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારો જેમાં અમદાવાદ ગ્રામ્ય, ગાંધીનગર, ખેડા, આણંદ વિગેરે જિલ્લાઓના અલગ અલગ વિસ્તારોમાંથી પોતાના સાગરિતો સાથે મળી આશરે ૫૦ જેટલી ઘરફોડ ચોરીઓ કરેલાની કબુલાત કરેલ છે.

આ આરોપીએ કરેલ ઘરફોડ ચોરીઓ બાબતે તપાસ કરતાં નીચે મુજબના ગુનાઓનો ભેદ ઉકેલાયેલ છે.

(૧) વેજલપુર પો.સ્ટે ફ ગુરનં ૨૦૪/૨૦૧૫ ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦

(૨) વેજલપુર પો.સ્ટે ફ ગુરનં ૨૦૫/૨૦૧૫ ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦

(૩) વેજલપુર પો.સ્ટે ફ ગુરનં ૨૧૪/૨૦૧૫ ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦

(૪) વેજલપુર પો.સ્ટે ફ ગુરનં ૪/૨૦૧૬ ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦

(૫) વેજલપુર પો.સ્ટે ફ ગુરનં ૧૯/૨૦૧૬ ઇપીકો કલમ ૪૫૭.૩૮૦

(૬) વટવા પો.સ્ટે ફ ગુરનં ૧૧/૨૦૧૬ ઇપીકો ૩૮૧

(૭) વટવા પો.સ્ટે ફ ગુરનં ૧૫/૨૦૧૬ ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦

(૮) વટવા પો.સ્ટે ફ ગુરનં ૫૩/૨૦૧૬ ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦

(૯) ઓઢવ પો.સ્ટે ફ ગુરનં ૩૪૧/૨૦૧૫ ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦

(૧૦) સોલા પો.સ્ટે ફ ગુરનં ૧૪/૨૦૧૬ ઇપીકો કલમ ૪૫૭.૩૮૦

(૧૧) સોલા પો.સ્ટે ફ.ગુ.ર.નં.૨૭૮/૨૦૧૫ ઇપીકો કલમ ૪૫૪,૪૫૭,૩૮૦

(૧૨) સોલા પો.સ્ટે.ફ ગુરનં ૩૨/૨૦૧૬ ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦.૫૧૧

(૧૩) અસલાલી પો.સ્ટે ફ ગુરનં ૧૫૯/૨૦૧૫ ઇપીકો કલમ ૪૫૭.૩૮૦

(૧૪)ગાંધીનગર જીલ્લાના રખિયાલ પો.સ્ટે ફ.ગુ.ર.નં.૦૩/૨૦૧૬ ઇપીકો કલમ ૪૫૭,૩૮૦,૫૧૧

(૧૫) નડીયાદ પો.સ્ટે ફ ગુરનં ૧૦૦/૨૦૧૦ ઇપીકો કલમ ૪૫૪.૪૫૭.૩૮૦ મુજબ

આ આરોપીની હાલમાં સઘન પુછપરછ તપાસ ચાલું છે અને બીજા ઘણા ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે.

## પકડાયેલ આરોપીની ગુનાઓ કરવાની મોડસ ઓપરેન્ડી

પકડાયેલ આરોપી તથા તેના સાગરિતો પોતાના ગામથી માત્ર ચોરી કરવાના ઈરાદે જ શહેરમાં આવતા હતા અને બે ત્રણ દિવસ રોકાઈ જઈ મોટી ઘરફોડ ચોરીઓને અંજામ આપી પરત પોતાના વતન ખાતે જતા રહેતા હતા. તેઓ મોટેભાગે ચોરી માટે રાત્રિનો સમય વિશેષ પસંદ કરતા હતા અને ચોરીના સમયે પોતાનાં કપડાં પેન્ટ તથા શર્ટ કાઢી લઈ કમર પર બાંધી દેતા અને મોંઢે રુમાલ બાંધી દેતા તેમજ ચડ્ડી પહેરેલ હાલતમાં ચોરીને અંજામ આપતા હતા અને જે કંઈ માલમત્તા મળે તે સરખે ભાગે વહેંચી દઈ પોતાના મોજશોખમાં તેમજ અંગત ખર્ચમાં વાપરી દેતા હતા.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| અ.નં. | પોલીસ સ્ટેશન | ગુ.ર.નં. કલમ | ચોરી થયેલ મુદ્દામાલની રકમ |
|---|---|---|---|
| ૧ | વેજલપુર પો.સ્ટે | ૨૦૪/૨૦૧૫ ઇપીકો ૪૫૪.૪૫૭.૩૮૦ | સોનાના દાગીના કિં.રૂ.૯૭,૫૦૦/- ની મત્તાના |
| ૨ | વેજલપુર પો.સ્ટે | ૨૦૫/૨૦૧૫ ઇપીકો ૪૫૪.૪૫૭.૩૮૦ | સોનાના ચાંદીના દાગીના કિં.રૂ.૯૭,૯૦૦/- |
| ૩ | વેજલપુર પો.સ્ટે | ૨૧૪/૨૦૧૫ ઇપીકો ૪૫૪.૪૫૭.૩૮૦ | સોના ચાંદીના દાગીના તથા રોકડા મળી કુલ રૂ. ૧,૩૫,૦૦૦/-ની મત્તા |
| ૪ | વેજલપુર પો.સ્ટે. | ૦૪/૨૦૧૬ ઇપીકો ૪૫૪.૪૫૭.૩૮૦ | સોનાના દાગીના કિં.રૂ.૨૦,૦૦૦/- |
| ૫ | વેજલપુર પો.સ્ટે. | ૧૯/૨૦૧૬ ઇપીકો કલમ ૪૫૭.૩૮૦ | સોનાના દાગીના કિં.રૂ.૪,૪૦,૦૦૦/- |
| ૬ | વટવા પો.સ્ટે | ૧૧/૨૦૧૬ ઇપીકો ૩૮૧ | રોકડા રુપિયા ૪,૩૨,૮૦૦/- |
| ૭ | વટવા પો.સ્ટે | ૧૫/૨૦૧૬ ઇપીકો ૪૫૪.૪૫૭.૩૮૦ | સોના ચાંદીના દાગીના કિં.રૂ.૧,૬૭,૦૦૦/- |
| ૮ | સોલા પો.સ્ટે. | ૧૪/૨૦૧૬ ઇપીકો કલમ ૪૫૭.૩૮૦ | સોના ચાંદીના દાગીના કિં.રૂ.૩,૦૦,૦૦૦/- રોકડા રૂ.૧૫,૦૦૦/- કુલ ૦૩,૧૫,૦૦૦/- ની મત્તાની |
| ૯ | સોલા પો.સ્ટે. | ૨૭૮/૨૦૧૫ ઇપીકો ૪૫૪,૪૫૭,૩૮૦ | સોના ચાંદીના દાગીના તથા રોકડા મળી કુલ ૩૮,૮૦૦/- ની મત્તા |
| ૧૦ | ઓઢવ પો.સ્ટે. | ૩૪૧/૨૦૧૫ ઇપીકો ૪૫૪.૪૫૭.૩૮૦ | સોના ચાંદીના દાગીના કિં.રૂ.૨,૪૫,૦૦૦/- રોકડા રૂ.૧,૦૦,૦૦૦/- કુલ રૂ.૩,૪૫,૦૦૦/- |
| ૧૧ | રખિયાલ પો.સ્ટે. જિ.ગાંધીનગર | ૦૩/૨૦૧૬ ઇપીકો ૪૫૭,૩૮૦,૫૧૧ | સોના ચાંદીના દાગીના કિં.રૂ.૧,૭૮,૦૦૦/- |
| ૧૨ | સોલા પો.સ્ટે. | ૩૨/૨૦૧૬ ઇપીકો ૪૫૪.૪૫૭.૩૮૦.૫૧૧ | રોકડા રૂ.૧,૦૦,૦૦૦/- તથા સોનાના દાગીના |
| ૧૩ | અસલાલી પો.સ્ટે | ૧૫૯/૨૦૧૫ ઇપીકો ૪૫૭.૩૮૦ | સોનાના દાગીના કિં.રૂ.૪૫,૦૦૦/- |
| ૧૪ | નડીયાદ પો.સ્ટે | ૧૦૦/૨૦૧૦ ઇપીકો ૪૫૪.૪૫૭.૩૮૦ | સોના ચાંદીના દાગીના તથા રોકડ રકમ મળી કુલ રુપિયા ૪૪,૪૦૦/-ની મત્તા |

ચોરી થયેલ કુલ મુદ્દામાલ: **૨૬,૧૨,૪૦૦/-**

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)